# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2023** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

### આકાશવાણી સમાચાર **જાનુ પરમાર** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાસ્વચ્છતા અભિયાનનું નેતૃત્વ કર્યું- દેશભરમાં લગભગ સાત લાખ સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન કરાયું..
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણાના મહેબૂબનગર ખાતે 13 હજાર 500 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ-શિલાન્યાસ કર્યા.
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા આધુનિક સાધનો સાથે મજબૂત સશસ્ત્ર દળોની આવશ્યકતા જણાવી..
- રાજસ્થાનમાં આગામી વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે.
- સપ્ટેમ્બર માસમાં કુલ GST આવક એક લાખ 62 હજાર 712 કરોડ રૂપિયા રહી છે..
- ચીનમાં રમાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં 13 સુવર્ણ, 16 રજત અને 16 કાંસ્ય ચંદ્રકો સાથે 45 ચંદ્રકો મેળવી ભારત ચોથા સ્થાને પહોંચ્યું છે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW- DAY-SWACHHATA-EK-GHANTA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાસ્વચ્છતા અભિયાનનું નેતૃત્વ કર્યું.. સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ દેશભરમાં લગભગ સાત લાખ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર આજે દેશભરના લોકોએ મેગા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો. શ્રી મોદીએ મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ આપવા માટે આજે સવારે 10 વાગ્યે સ્વચ્છતા અભિયાન માટે એક કલાકના શ્રમદાન માટે નાગરિકોને અપીલ કરી હતી. ગત મન કી બાત કાર્યક્રમમાં, પ્રધાનમંત્રીએ સ્વચ્છતા હી સેવા અભિયાનના મહત્વ પર ભાર મૂક્યો હતો.. તમામ ક્ષેત્રના નાગરિકોએ, બજારો, રેલ્વે ટ્રેક, જળાશયો, પ્રવાસન સ્થળો અને પૂજા સ્થાનો સહિત જાહેર સ્થળોએ સફાઈ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે.પી. નડ્ડા, કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, ધર્મેન્દ્ર પ્રધાન, ડૉ. જિતેન્દ્ર સિંહ, હરદીપસિંહ પુરી, મીનાક્ષી લેખી અને રાજીવ ચંદ્રશેખર અને અન્ય નેતાઓએ પણ મેગા સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. આ અભિયાનમાં દેશના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 6 લાખ 40 હજારથી વધુ સ્થળોએ શ્રમદાન કરવામાં આવ્યું હતું. આશરે એક લાખ રહેણાંક વિસ્તારોમાં રહેણાંક કલ્યાણ સમિતિઓએ શ્રમદાનમાં ભાગ લીધો હતો.. સામાન્ય લોકોની સાથે આર્મી, નેવી અને એરફોર્સ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ,

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને અન્ય વિભાગોના જવાનોએ પણ સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . .

## PM---Telangana-Visit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણા ખાતે 13 હજાર 500 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ-શિલાન્યાસ કર્યા.

પ્રધાનમંત્રીએ તેલંગાણાના મહેબૂબનગર ખાતે શિલાન્યાસ કરેલી પરિયોજનામાં માર્ગ, રેલ, પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને ઉચ્ચ શિક્ષણ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ આ સાથે વિડિયો માધ્યમથી કૃષ્ણા સ્ટેશનથી હૈદરાબાદ- રાયચુર વચ્ચે ટ્રેન સેવાને લીલી ઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો.

પ્રધાનમંત્રીએ નાગપુર-વિજયવાડા આર્થિક કોરિડોરમાં સમાવિષ્ટ માર્ગ પ્રોજેકટનો શિલાન્યાસ કરાવ્યો. તેમણે યુનિવર્સીટી ઓફ હૈદરાબાદની પાંચ નવી ઇમારતોનું ઉદઘાટન કર્યું.

પ્રધાનમંત્રીએ આ દરમિયાન રાષ્ટ્રીય હળદર બોર્ડ રચના કરવાની તથા મુલુગ ખાતે 900 કરોડ રૂપિયાના ખર્ચે સંમક્કા- સરાક્કા કેન્દ્રીય આદિવાસી યુનિવર્સીટીની સ્થાપનાની જાહેરાત કરી.

પારમુરુ પ્રજાગર્જના જાહેર સભાને સંબોધતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, રાષ્ટ્રીય હળદર બોર્ડની રચનાથી દેશભરના હળદરના ખેડૂતોને

લાભ થશે અને આદિવાસી યુનિવર્સીટી બનવાથી આદિવાસી લોકોના હિતનું રક્ષણ થશે. પ્રધાનમંત્રીએ જકલર ક્રિષ્ણા વચ્ચે નવી રેલ્વે લાઇન તથા હસન ચારલ્લા પલ્લી એલપીજી પાઇપલાઇન રાષ્ટ્રને સર્મપિત કરી.

. . . . . . . . . . . . . . . . .

## PM--RAJASTHAN-MP-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાન- મધ્યપ્રદેશની મુલાકાત લેશે. રાજસ્થાનમાં પ્રધાનમંત્રી સાત હજાર કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસકામોનો શિલાન્યાસ કરશે. તેઓ 4500 કરોડ રૂપિયાના ખર્ચે બનેલી મહેસાણા- ભટીંડા- ગુરૂદાસપુલ ગેસ પાઇપલાઇનનું તથા આબુ રોડ ખાતે HPCL ના LPG પ્લાન્ટનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત શ્રી મોદી દારા- ઝાલાવાડ- તીનધર સેક્શન પર ચાર માર્ગીય ધોરમાર્ગનો પ્રારંભ કરાવશે. આ માર્ગથી કોટા- ઝાલાવાડ જીલ્લામાંથી ખાણ પેદાશોનું પરિવહન સરળ બનશે. આ ઉપરાંત તેઓ ચિત્તોડગઢ- નિમચ અને કોટા- ચિત્તોડગઢ ઇલેકટ્રીફાઇડ રેલ્વે લાઇનના બમણીકરણ કરવાના પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. નાથદ્વારામાં વિકસિત પ્રવાસન સુવિધાઓનું ઉદઘાટન કરશે તથા કોટા ખાતે આઇઆઇટીના કાયમી કેમ્પસને ખુલ્લુ મુકશે.

મધ્યપ્રદેશમાં પ્રધાનમંત્રી ગ્વાલિયર ખાતે 19 હજાર 260 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ યોજનાનો શિલાન્યાસ- લોકાર્પણ કરશે.

તેઓ દિલ્હી- વડોદરા એક્સપ્રેસ હાઇવે રાષ્ટ્રને સમર્પિત કરશે તથા અન્ય પાંચ રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી PMAY- ગ્રામીણ યોજના અંતર્ગત 2.2 લાખ ઘરોમાં ગૃહપ્રવેશ કરાવશે તથા PMAY- અર્બન યોજના અંતર્ગત બનાવાયેલા આવાસોનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત શ્રી મોદી, ગ્વાલિયર શ્યોપુર જીલ્લામાં જળજીવન મિશન પ્રોજેક્ટનો, નવ આરોગ્ય કેન્દ્રોનો શિલાન્યાસ કરશે.

. . . . . . . . . . . . . . . . .

**RAJNATH---ARMED-FORCES**

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા આધુનિક સાધનો સાથે મજબૂત સશસ્ત્ર દળોની આવશ્યકતા છે.. આજે નવી દિલ્હીમાં સંરક્ષણ એકાઉન્ટ્સ વિભાગના 276મા વાર્ષિક દિવસની ઉજવણી કાર્યક્રમમાં બોલતા તેમણે આ મુજબ જણાવ્યું.. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રીના વિકસિત રાષ્ટ્રના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં સંરક્ષણ એકાઉન્ટ્સ વિભાગ નિર્ણાયક ભૂમિકા ભજવશે.

આ પ્રસંગે તેમણે સંરક્ષણ ખાતા વિભાગની વિવિધ ડિજિટલ પહેલોનો પ્રારંભ કરાવ્યો.. આ પહેલોમાં, સંકલિત સંરક્ષણ ફાઇનાન્સ ડેશબોર્ડ- સારાંશ, બિલ, માહિતી અને કાર્ય વિશ્લેષણ સિસ્ટમ- BISWAS- અને ઇ-રક્ષા આવાસનો સમાવેશ થાય છે. આ પ્રસંગે, શ્રી સિંહે વિભાગના મહત્વપૂર્ણ પ્રોજેક્ટસના અમલીકરણમાં અનુકરણીય

પહેલ પ્રદર્શિત કરવા બદલ પાંચ ટીમોને શ્રેષ્ઠતા માટે રક્ષા મંત્રી પુરસ્કાર 2023 પણ એનાયત કર્યા હતા..

. . . . . . . . . . . . . . . . .

## RAJASTHAN-ELECTION-COMMISSION

રાજસ્થાનમાં આગામી વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

રાજ્યમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓનું મૂલ્યાંકન કરવા ચુંટણી પંચની ટીમ રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે છે. મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી રાજીવ કુમારે યુવા અને મહિલા મતદારોને મતદાનમાં સક્રિયપણે ભાગ લેવા અપીલ કરી છે. આજે જયપુરમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે, રાજ્યમાં 21 લાખ 90 હજારથી વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. મતદાન માટે 51 હજાર મતદાન મથકો બનાવવામાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના ગ્રામીણ વિસ્તારોમાં છે. અડધા મતદાન મથકો પર વેબકાસ્ટિંગ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, દરેક વિધાનસભા મતવિસ્તારમાં 200 મતદાન મથકો પર દિવ્યાંગ કર્મચારીઓ ફરજ બજાવશે. દરેક વિધાનસભા મતવિસ્તારમાં એક હજાર છસો મતદાન મથકો પર યુવા કર્મચારીઓની અને અન્ય એક હજાર છસો મતદાન મથકો પર મહિલા કર્મચારીઓની ભરતી કરવામાં આવશે.

તેમણે કહ્યું કે, સોશિયલ મીડિયાને લગતી ગતિવિધિઓ પર ખાસ નજર રાખવામાં આવશે. તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને

રાજકીય પક્ષો તરફથી મળેલી ફરિયાદો પર તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . .

## GST-COLLECTIONS

સપ્ટેમ્બર માસમાં કુલ GST આવક એક લાખ 62 હજાર 712 કરોડ રૂપિયા રહી છે, જેમાંની CGST પેટે 29 હજાર 818 કરોડ, SGST પેટે 37 હજાર 657 કરોડ, IGST પેટે 83 હજાર 623 કરોડ અને સેસ પેટે 11 હજાર 613 કરોડ રૂપિયાની આવક થઇ છે.

સરકારે, 33 હજાર 736 કરોડ CGST અને 27 હજાર 578 કરોડ SGSTની પતાવટ કરી છે. જેના બાદ સપ્ટેમ્બર માસમાં કેન્દ્ર તથા રાજ્યોની કુલ મહેસૂલી આવક CGST પેટે 63 હજાર 555 કરોડ અને SGST પેટે 65 હજાર 235 કરોડ રહી છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બર માસની GST આવક ગત વર્ષના આ જ સમયગાળા દરમિયાન થયેલી આવક કરતાં 10 ટકા વધુ છે તથા સ્થાનિક નાણાંવ્યવહારો ગત વર્ષ કરતાં 14 ટકા વધુ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2023-24માં આ ચોથી વખત GST આવક 1.60 લાખથી વધુ રહી છે.

. . . . . . . . . . . . . . . . .

## ASIAN-GAMES-UPDATE

ચીનમાં રમાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં 13 સુવર્ણ, 16 રજત અને 16 કાંસ્ય ચંદ્રકો સાથે 45 ચંદ્રકો મેળવી ભારત ચોથા સ્થાને પહોંચ્યું છે.

આજે પુરુષોની ગોળાફેંક સ્પર્ધામાં ભારતના તેજીન્દ્રપાલ સિંધ તોમરે સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તોમરે 20.36 મીટર લાંબો થ્રો કર્યો હતો. પુરૂષોની 3 હજાર મીટર સ્ટીપચેસમાં અવિનાશ સબ્લેએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

ભારતીય નિશાનેબાજ કિનાન ચેનાઇ અને મુક્કેબાજ નિખત ઝરીને આજે ચંદ્રકો જીત્યા છે. અગાઉ, ચેનાઇ, જોરાવર સંધુ અને પૃથ્વીરાજની ટીમે 361 અંકો સાથે પુરૂષ ટીમ ટ્રેપ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. મહિલા ટ્રેપ ટીમ ઇવેન્ટમાં રાજેશ્વરી, મનીષા અને પ્રીતીની જોડીએ રજત જીત્યો.

આ સાથે ભારતના નિશાનેબાજી અભિયાન આજે સમાપ્ત થયું છે. ભારતે નિશાનેબાજીમાં કુલ 22 ચંદ્રકો જીત્યા છે. નિખત ઝરીને મુક્કેબાજીની 50 કિલો વજનવર્ગની સેમીફાઇનલમાં પરાજય થતાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

ગોલ્ફ વ્યક્તિગત ઇવેન્ટમાં અદિતી અશોકે રજત ચંદ્રક મેળવ્યો છે.. 57 કિલો વજનવર્ગની મુક્કેબાજી સ્પર્ધામાં પરવીન હુડ્ડા સેમીફાયનલમાં પહોંચી છે.

કાયાક સીંગલ 500 મીટર સ્પર્ધામાં સોનિયા દેવી ફાયનલમાં પ્રવેશી છે.

. . . . . . . . . . . . . . . . .

# DAY-GST-ONLINE-GAMING

આજથી ઓનલાઈન ગેમિંગ, સટ્ટાબાજી, કેસિનો, જુગાર, હોર્સ રેસિંગ અને લોટરી પર જીએસટીનો દર વધીને 28 ટકા થઈ ગયો છે. નાણા મંત્રાલયે આ અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. આ સેવાઓ પર GST દર વધારવાનો નિર્ણય આ વર્ષે ઓગસ્ટમાં GST કાઉન્સિલની 51મી બેઠકમાં લેવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . .